DHIRAJ EST ADESH P-335-

જા.નં.હિંનપા/મકમ/આદેશ/ ૧૭૬૯/૨૦૨૬
હિંમતનગર નગરપાલિકા કચેરી,
તા.૨૫/૦૬/૨૦૨૬

## કાર્યાલય આદેશ:—

**વંચાણે લીધા :— સામાન્ય સભા ઠરાવ નં.૨૩ તા.૨૫/૦૬/૨૦૨૬થી મે.પ્રમુખશ્રીને કર્મચારીઓની સેવાવિષયક બાબતો સારુ બહુમતીથી મળેલ સત્તા અન્વયે.**

ઉક્ત વંચાણે લીધા—સામાન્ય સભા ઠરાવ નં.૨૩ તા.૨૫/૦૬/૨૦૨૬થી મે.પ્રમુખશ્રીને કર્મચારીઓની સેવાવિષયક બાબતોનો નિર્ણય કરવા સારુ બહુમતીથી મળેલ સત્તા અન્વયે અત્રેની નગરપાલિકાના સરળ વહીવટ અને વહીવટીય અનુકુળતા સારૂ નીચે મુજબના કર્મચારીઓને તેમના નામની સામે સોંપવામાં આવેલ કામગીરી તા.૨૫/૦૬/૨૦૨૬ થી અત્રેથી બીજો હુકમ ન થાય ત્યાં સુધી ચુસ્તપણે સંભાળવા આથી આદેશ કરવામાં આવે છે. આ હુકમ મળેથી તાત્કાલિક અસરથી કર્મચારીએ પોતાની કામગીરી સંભાળેલ છે તેનો રીપોર્ટ મહેકમ વિભાગને લેખિતમાં કરવાનો રહેશે.

| અ.નં. | કર્મચારીનું નામ અને હોદ્દો | કામગીરીની વિગત |
|---|---|---|
| ૧ | શ્રી અરૂણભાઈ કે.પ્રજાપતિ<br>કાયમી કલાર્ક | સીટીબસ વિભાગના વડાની સ્વતંત્ર કામગીરી કરવાની રહેશે.<br>અગાઉના કરેલ આદેશ રદ ગણવાના રહેશે. |
| ૨ | શ્રી હિતેષભાઈ એ.રાવલ<br>કાયમી કલાર્ક | હાલની કામગીરી ઉપરાંત વ્યવસાયવેરા/ગુમાસ્તાધારા વિભાગના વડાની સ્વતંત્ર કામગીરી કરવાની રહેશે. |
| ૩ | શ્રી વસંતભાઈ કે.પટેલ<br>કાયમી કલાર્ક | હાલની કામગીરી ઉપરાંત આંતરીક ઓડીટરની સ્વતંત્ર કામગીરી કરવાની રહેશે. |
| ૪ | શ્રી આકાશ એસ.બારોટ<br>કરાર આધારિત સીવીલ એન્જી. | ભુગર્ભ—ગટર વિભાગમાં ખાતાના વડા શ્રી અશ્વિનભાઈ જોષીના માર્ગદર્શન હેઠળ માત્ર <u>એસ.ટી.પી. અને પંમ્પીગ સ્ટેશનને લગતી</u> કામગીરી કરવાની રહેશે.<br>અને બાંધકામ વિભાગના વડા જે કામગીરી બતાવે તે કામગીરી કરવાની રહેશે.<br>અગાઉના કરેલ આદેશ રદ ગણવાના રહેશે. |

ચીફ ઓફીસર
હિંમતનગર નગરપાલિકા

પ્રતિ,
૧. શ્રી અરૂણભાઈ કે.પ્રજાપતિ
કાયમી કલાર્ક
૨. શ્રી હિતેષભાઈ એ.રાવલ
કાયમી કલાર્ક
૩. શ્રી વસંતભાઈ કે.પટેલ
કાયમી કલાર્ક
૪. શ્રી આકાશ એસ.બારોટ
કરાર આધારિત સીવીલ એન્જી.
હિંમતનગર નગરપાલિકા

નકલ રવાના :—
૧. મહેકમ વિભાગ તરફ જાણ સારુ અને સીલેકટ ફાઈલે રાખવા સારુ.
૨. સીટીબસ વિભાગ તરફ જાણ સારુ.
૩. વ્યવસાયવેરા/ગુમાસ્તાધારા વિભાગ તરફ જાણ સારુ.
૪. ભુગર્ભ—ગટર વિભાગ તરફ જાણ સારુ.
૫. એકાઉન્ટ વિભાગ તરફ જાણ સારુ.

નકલ સવિનય રવાના :— માન.પ્રમુખશ્રી, હિંમતનગર નગરપાલિકા;હિંમતનગર તરફ જાણ સારુ.